## એસબીપીપી કો-ઓપરેટીવ બેંક લી. (શિડયુલ્ડ બેંક)
## પારસી સ્ટ્રીટ, હેડ ઓફીસ : કિલ્લા-પારડી-૩૯૬ ૧૨૫

### -: ખાતેદારો / લોકર ધારકો તથા સભાસદો માટે અગત્યની સુચના :-

❖ આથી બેન્કનાં જે ખાતેદારો / સભાસદોની KYC / CKYC પુર્તતા કરવાની બાકી હોય તેઓએ તાત્કાલીક ધોરણે તાજેતરનાં ફોટા, ઓળખનાં માન્ય પુરાવા, આધારકાર્ડ, પાનકાર્ડ, સરનામાનાં પુરાવા, ધંધાનાં પુરાવા, પ્રોજેકટેડ ટર્ન ઓવર, વાર્ષિક આવકનાં પુરાવા, મોબાઇલ નંબર, ઇ-મેઇલ એડ્રેસ વિગેરેની વિગતો નિર્ધારીત ફોર્મ સાથે જે શાખામાં ખાતુ ચાલતુ હોય ત્યાં રૂબરૂ જમા કરાવી જરૂરી પુર્તતા કરવા જણાવવામાં આવે છે.

❖ મોબાઇલ નંબર બેંકમાં આપેલ ન હોય તો તેની વિગત આપવી જેથી બેંક દ્વારા ખાતાને લગતી માહિતી/લોકર ઓપરેશન વિગેરેની એલર્ટ SMS થી આપી શકાય.

❖ વધુમાં રીઝર્વ બેન્કના તથા AML 2002 કાયદા મુજબ દરેક ખાતેદારો એ પાનકાર્ડ - આધારકાર્ડ Link કરાવી દેવા વિનંતી છે.

❖ બેંકમાં ચાલતા દરેક પ્રકારના ખાતામાં વર્ષ માં ઓછામાં ઓછી એકવાર લેવડ - દેવડ કરવી હિતાવહ છે.

❖ આથી બેંકના તમામ બચત / ચાલુ ખાતેદારોને જણાવવામાં આવે છે કે તેમણે પોતાના ખાતામાં ૨ વર્ષમાં **ઓછામાં ઓછી એક વખત લેવડ દેવડ કરવી જરૂરી છે.** અન્યથા તે ખાતાઓ બિન લેવડ દેવડ (Inoperative) માં વર્ગીકૃત કરવામાં આવશે અને ત્યારબાદ વખતો વખતના રીઝર્વ બેંકના નિયમો મુજબ તે ખાતાઓને નિષ્ક્રીય (DEAF) ખાતાઓમાં વર્ગીકૃત કરવામાં આવશે. ત્યારબાદ લેવડ દેવડ માટે રૂબરૂ બેંક શાખાની મુલાકાત લઇ ખાતુ એકિટવેટ (સક્રિય) કરવા નવેસરથી KYC / CKYC દસ્તાવેજો સુપ્રત કર્યા બાદ જ લેવડ દેવડ ની પરવાનગી આપવામાં આવશે એ સિવાય કોઇપણ બેંકીંગ વ્યવહારો થઇ શકશે નહીં, જેની નોંધ લેવી.

❖ RBI Guidelines મુજબ દરેક લોકર ધારકો એ ૧૨ માસ (૧ વર્ષ) માં ઓછામાં ઓછું એક વાર લોકર ઓપરેટ કરવું જરૂરી હોય જે લોકર ધારકોએ પોતાનું લોકર છેલ્લા ૧૨ માસ (૧ વર્ષ) કે તેથી વધુ સમયથી ઓપરેટ કર્યુ ન હોય તેઓને વિના વિલંબે પોતાનું લોકર ઓપરેટ કરી જવા જણાવવામાં આવે છે.

❖ જે લોકરધારકો ની Key Embossing બાકી હોય તેમણે જે-તે બ્રાંચમાં જઇ Key Embossing કરાવી લેવું.

❖ જે લોકરધારકો એ નવા લોકર બોન્ડ બનાવેલ ન હોય તેઓએ નવા લોકર બોન્ડ બનાવી જે-તે બ્રાંચમાં જમા કરાવવાના રહેશે કાર્યવાહી બાકી હોય તેવા લોકરધારકો ના લોકર FREEZE કરવામાં આવેલ છે. ફરજયાતપણે આ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ જ લોકર ઓપરેટ કરી શકશે.

❖ વારસદાર (Nominee) ની વિગત આપવાની બાકી હોય તેવા ખાતેદારો / સભાસદો / લોકર ધારકોએ રૂબરૂ બેંકમાં આવી વારસદાર નિમણુકનું / અથવા નિમણૂંક ના કરવી હોય તો તેમાટેનું નિયત ફોર્મ ભરી જવા જણાવવામાં આવે છે.

❖ જે સગીર ખાતેદારો પુખ્તવય નાં થયા છે તેઓએ આધારકાર્ડ અને KYC મુજબ ઓળખ અને રહેઠાણનાં માન્ય પુરાવાઓ સાથે રૂબરૂ બેંકમાં આવી પોતાનાં ખાતામાં Minor to Major ની પ્રોસેસ કરાવી લેવા જણાવવામાં આવે છે. અન્યથા આવા ખાતામાં FREEZE કરી વ્યવહારો સ્થગિત કરી દેવામાં આવશે.

❖ બેંકની ડીજીટલ સેવાઓ જેવી કે ATM/UPI/Mobile Banking નો ગ્રાહકો લાભ લઇ નાણાંકીય લેવડ - દેવડ કરી શકે છે.

❖ જે સભાસદોના ખાતા આપણી બેંકમાં ન હોય તેમણે જે-તે શાખામાં ખાતા ખોલાવી લેવા, જેથી ડિવિડન્ડ ની રકમ ખાતામાં ચૂકવી શકાય.

❖ આપની સંસ્થા / ટ્રસ્ટ / સોસાયટી; NITI Ayog ના DARAPAN Portal પર નોંધાયેલ હોય તે જરૂરી છે તો સંબધીત સંસ્થાની DARPAN Portal પર નોંધણી કરાવવાની કાર્યવાહી સમયસર પૂર્ણ કરશો. તથા નોંધણી થયેલ હોય તો તેનો DARPAN Registration Number (Unique ID) બેંકની જે-તે શાખામાં રજૂ કરવા વિનંતી.

❖ આપની સંસ્થા/ટ્રસ્ટ/સોસાયટી/કંપની/પાર્ટનરશીપ ફર્મ જેવા Non – Individual legal entitiesના ખાતામાં Beneficial owner સંબધિત વિગતો નોંધાવવી જરૂરી હોય જો વિગત નોંધાવવાની બાકી હોય તો સંપૂર્ણ વિગત અને જરૂરી દસ્તાવેજો બેંકમાં રજૂ કરશો. જો Beneficial owner ની વિગતોમાં કોઈ ફેરફાર થયો હોય, તો તેની જાણ બેંકને તાત્કાલિક કરશો.

❖ RBI ના નિયમ મુજબ, બેન્ક દ્વારા ગ્રાહકને કરવામાં આવતાં ફોન માટે 1600 3046 54 નંબર Implement કરવામાં આવેલ છે, જેની નોંધ લેશો.

**નોંધ : આપનાં ATM / Debit Card નાં નંબર, સી.વી.વી. પીન, એક્ષપાયરી ડેટ, પીન, ઓટીપી, નેટ બેંકીંગ લોગીન યુઝર/પાસવર્ડ વગેરે માહિતી કોઇપણને આપશો નહીં. બેંક કે બેંક કર્મચારી આ પ્રકારની માહિતી માંગતા નથી.**

કિલ્લા - પારડી.
તા.૦૯-૧૦-૨૦૨૬

શ્રી રાજેશભાઈ જી. રાણા
કસ્ટોડિયન